**અમદાવાદ(ગ્રામ્ય)ના ચોથા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં,મુ.નવરંગપુરા ,અમદાવાદ.**

**<u>ક્રિ.પ.અ.નં.૬૩૫/૨૦૨૬</u>**
આંક–

<u>અરજદાર</u>:– **અલ્લારખા ઉર્ફે ડેરીંગ કાદરભાઈ કુરેશી**
ઉ.વ.૪૬, ધંધો: મજુરી
રહે.૦૧ અસમા ડુપ્લેક્સ, સર્વેનં.૨૧૬,
ફતેવાડી,લાલબાગ સોસાયટી, અમદાવાદ
**(હાલ સાબરમતી જેલ)**

વિરૂધ્ધ

સામાવાળા : ધ સ્ટેટ ઓફ ગુજરાત

**<u>બાબત : ક્રિ.પ્રો.કો.ક.૪૩૯(૧) હેઠળ વચગાળાના જામીન ઉપર મુકત થવા માટેની અરજી.</u>**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી એસ.એસ.ધોધારી
સામાવાળા સરકાર તરફે વિ.ડી.જી.પી.શ્રી પી.એમ.ત્રીવેદી

---

**<u>–: હુકમ :–</u>**

૧. અરજદાર વેજલપુર પો.સ્ટે. પાર્ટ–એ–ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૮૨૪૦૩૬૧/૨૦૨૪, ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૨,૧૪૩,૧૪૪,૧૪૭,૧૪૮,૧૪૯, ૩૨૩,૨૯૪(ખ),૩૪ તથા જી.પી.એ. ક.૧૩૫(૧)મુજબના ગુનાના કામે આરોપી છે અને આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલત સમક્ષ સેશન્સ કેસ નં.૧૧૧/૨૦૨૫ થી ઈન્સાફી કાર્યવાહી ચાલી રહેલ છે. ઉપરોકત ગુન્હાના કામે આ કામનાં આરોપી જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય તહોમતદારના દિન–૩૦ ના

District & Sessions Court Ahmedabad(Rural) सत्यमेव जयते

વચગાળાના જામીન મેળવવા સારું અત્રેની અદાલતમાં કરેલ છે. વધુમાં તેઓએ અરજીની વિગતે જણાવેલ છે કે,આ કામના અરજદારના પરીવારમાં તેમની માતા, પત્ની, બાળકો અને ભાઈ છે. અરજદારના પત્ની ડિસફંશનલ યુટ્રાઈન બ્લીડીંગ તથ અડનોમોયાસીસ જેવી ગં ભીર બિમારીથી પીડાઈ રહી છે જેથી ઓપરેશન કરવાની જરૂરી હોય અને ઓપરેશન માટે નાણાકીય વ્યવસ્થા કરવાની પણ જરૂર જણાતી હોય જેથી વચગાળાના જામીન આપવા વિનંતી કરેલ છે.

૨. આરોપી તરફે રજુઆત છે કે,અરજદારને પરીવારમાં તેમની માતા, પત્ની, બાળકો અને ભાઈ છે. અરજદારના પત્ની ડિસફંશનલ યુટ્રાઈન બ્લીડીંગ તથ અડનોમોયાસીસ જેવી ગંભીર બિમારીથી પીડાઈ રહી છે જેથી ઓપરેશન કરવાની જરૂરી હોય અને ઓપરેશન માટે નાણાકીય વ્યવસ્થા કરવાની પણ જરૂર જણાતી હોય આરોપીને દિન–૩૦ ના વચગાળાના જામીન મંજુર કરવા અરજ કરેલ છે.

District & Sessions Court Ahmedabad[Rural] सत्यमेव जयते

૩. સરકાર પક્ષે, પી. પી. શ્રી ની એવી રજુઆત છે કે,આ કામે આરોપી સામે ઈ.પી.કો.ક.૩૦૨ જેવા ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે અને સાવ મોઘમ અને ખોટી અરજી કરી છે.અરજદાર મરણજનારનુ ખુન કરનાર છે. અરજદારને પરીવારમાં તેમની માતા, દિકરો અસ્કાન તથા દિકરી અલઅક્ષા છે જેઓ અરજદારના પત્નીની સારસંભાળ રાખી આર્થિક મદદ કરી શકે તેમ છે.જેથી આરોપીની જરૂર જણાતી નથી અરજદાર વિરુધ્ધના

કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ છે જેથી અરજદારને જો હાલના તબકકે વચગાળાના જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ,ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન તેઓની હાજરી મળી રહેશે કે કેમ તે શંકાસ્પદ છે અને ફરીયાદ પક્ષના કેસને નુકશાન થવાની શકયતા છે તથા ફરીયાદ પક્ષના પુરાવા સાથે ચેડાં થવાની સંભાવના છે જેથી હાલની અરજી નામંજૂર કરવા દલીલ કરેલ છે.

૪. બંને પક્ષોને સાંભળ્યા. અરજદારની જામીન અરજી વંચાણે લીધી તથા ફરીયાદીની વાંધા અરજી તેમજ તપાસ કરનાર અમલદારનો રજુ થયેલ રીપોર્ટ વંચાણે લીધો. આ કામે આરોપી સામે ઈ.પી.કો.ક.૩૦૨ જેવા ગંભીર ગુનાનો આક્ષેપ છે તેમજ અરજદારના પત્નીને ગર્ભાશયનુ ઓપરેશન કરાવવા માટે આરોપીની જરૂર હોય જેથી આરોપી માટે વચગાળાની અરજી કરેલ છે. પરંતુ અરજદારના પત્ની ડિસફંશનલ યુટ્રાઈન બ્લીડીંગ તથ અડનોમોયાસીસ જેવી ગંભીર બિમારીથી પીડાઈ રહી છે જેથી ઓપરેશન કરવાની જરૂરી હોય તો તેમના પરીવારમાં અરજદારની માતા, તેમનો દિકરો તથા દિકરી જેવા અન્ય સભ્યો છે જેઓ તેમની સારસંભાળ અને આર્થિક મદદ કરી શકે તેમ છે. જેથી આરોપીની જરૂર હોય તેવુ જણાતુ નથી.જેથી અરજદારે જે કારણ દર્શાવેલ છે તે સર્વસામાન્ય કારણછે કોઈ વિશેષ કારણ કે જે કારણસર હાલના અરજદાર/આરોપીની હાજરી જરૂરી હોય અને અરજદાર/આરોપી ને તે રીતે વચગાળાના જામીન ઉપર મુકત કરવા ખૂબ જ જરૂરી જણાય તેવાં કોઈ સં જોગો અરજદાર/આરોપી દર્શાવી શકેલ નથી. અરજદાર/આરોપીએ મરણજનારનુ મૃત્યુ નિપજાવી ગંભીર ગુનો કરેલ છે આ કામનાં અરજદાર/આરોપીને હાલના તબકકે વચગાળાના

જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીયાદ પક્ષના પુરાવાને નુકશાન થવાની સંભાવના નકારી શકાય તેમ નથી. તેમજ હાલના અરજદાર/આરોપી સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ છે તે તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં, આ અરજીમાં દર્શાવેલ કારણ કોઈ વચગાળાના જામીન આપવા માટેનું યોગ્ય કે ઉચીત કારણ જણાતુ ન હોય, આ અરજી હેઠળ નીચે મુજબ હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચીત જણાઈ આવે છે.

**–:હુ ક મ :–**

(૧) અરજદારની હાલની વચગાળાની જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીને જેલ આથોરીટી ધ્વારા આ હુકમની જાણ કરવી.

હુકમ આજરોજ તા.૧૧ મી માહે માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૧૧/૦૩/૨૦૨૬.

**(દીપેન દીલીપકુમાર બુધ્ધદેવ)**
ચોથા એડીશ્નલ સેશન્સ જજ
અમદાવાદ(ગ્રામ્ય),નવરંગપુરા
કોડ નં.જીજે ૦૦૬૧૨

District & Sessions Court AhmedabadRural
सत्यमेव जयते